ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# જિલ્લામાં ૩૦૦ થી વધુ ઉમેદવારી પત્રો ભરાયા

## માણસામાં સૌથી વધુ તો કલોલ નગરપાલિકામાં આજે વધુ ૭૨ ફોર્મ ભરાયા : આજે છેલ્લો દિવસ



ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં આજે ઉમેદવારોનો રાફડો ફાટ્યો હતો. આ ચૂંટણીમાં ઉમેદવારો દ્વારા ઓનલાઈન ફોર્મ રજુ કરાયાનો વિકલ્પ આપવામાં આવ્યો છે પણ આજે બધાજ ઓફલાઈન ફોર્મ રજુ થયા હતા.

મળતી વિગતો મુજબ આજે જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો માટે ૬૯ ફોર્મ ભરાયા હતા. જ્યારે તાલુકા પંચાયતની બેઠકો માટે દહેગામ, કલોલ અને માણસામાં ૨૨૮ ફોર્મ ભરાયા છે.

જિલ્લા પંચાયતની બેઠકો માટેના જંગમાં આજે સૌથી વધુ ફોર્મ માણસા તાલુકામાં ૨૪ રજુ થયા હતા. કલોલમાં ૧૯ અને દહેગામમાં ૨૨ ફોર્મ રજુ થયા હતા.

તાલુકા પંચાયતની ચૂંટણીમાં પણ સૌથી વધુ ફોર્મ માણસામાં ૮૬, કલોલમાં ૮૦ અને દહેગામમાં ૬૨ ઉમેદવારો દ્વારા ફોર્મ રજુ થયા હતા.

કલોલ નગરપાલિકાની ૪૪ બેઠકો માટે આજે ૭૨ ઉમેદવારી પત્રકો ભરાયા હતા.

જિલ્લા તાલુકા અને નગરપાલિકાની ચૂંટણીમાં કોરોનાની ગાઈડલાઈન પ્રમાણે જે સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવું જોઈએ તે ન જળવાતુ હોવાનું લોકમુખે ચર્ચાનો મુદ્દો બન્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## આ ચૂંટણીઓમાં માન-મર્યાદા અને શિસ્ત-સંસ્કારોના લીરેલીરા ઉડ્યા છે

**સમયસર**

છેલ્લા દસેક દિવસથી ચાલતા રાજકીય તમાશાઓ પરાકાષ્ઠાએ પહોંચ્યા છે. શિસ્ત-સંસ્કાર-માન-મર્યાદાના લીરેલીરા ઉડી રહ્યા છે. પંચાયતની કે નગરપાલિકાની એક બેઠક માટે કેવા અશોભનીય વાણીના વ્યવહારો થાય છે. તેનાથી ગુજરાત આખુ શરમજનક સ્થિતિમાં મુકાયુ છે. ટીકીટ વેચાયાના અગાઉ આરોપો ખાનગીમાં થતાં હવે જગજાહેર થાય છે. નેતાઓના ચારિત્ર્યનો ખુણે ખાંચરે ગણગણાટ થતો હવે અખબારોમાં હેડલાઈન બને છે. ગાળા-ગાળી મારામારીના દશ્યોએ તો હદ વટાવી છે. રાજકારણ એક સેવાનું માધ્યમ હતું જે આજે ધંધો બની ગયુ છે. ક્યાં લઈ જવું છે આપણા જાહેર જીવનને... કેટલી હદ સુધી નીચે ઉતરવું છે. ભાજપ હોય કે કોંગ્રેસ હોય એમને સત્તાના વાવટા ફરકાવવાની છુટ જરૂર છે પરંતુ જાહેર જીવનને ડહોળવાની ક્યારેય પરવાનગી નથી.

સાહેબ..! તમારા ભાજપ ભવનમાં કે કોંગ્રેસભવનમાં જે ગાળાગાળી જે આક્ષેપો-આરોપો થાય છે એનાથી પ્રજાને કોઈ ચિંતા નથી પણ આવતીકાલે એના પડઘા ને પ્રતિબીંબો પરિવારોમાં પડશે તેની ચિંતા જરૂર છે. આપ નેતા થવા - સમાજસેવક થવા - હાર પહેરવા - વિજયના વાવટા ફરકાવવા જે કરતુતો થઈ રહ્યા છે, જે વ્યવહાર થાય છે એ ક્યારેય માફ કરી શકાય તેમ નથી. શું સિદ્ધ કરવું છે એ જ સમજાતું નથી. કેટલી હદે રાજનીતિને તમે નીચે ઉતારી છે અને ક્યાં સુધી જાહેર જીવનના સંસ્કારોના લીરેલીરા ઉડાડ્યા છે..?! કોઈને ગાળ દેવાથી કે કોઈના ચારિત્ર્ય પર આક્ષેપ કરવાથી કોઈ શુદ્ધ થઈ જાય છે એમ તો નજ માની શકાય પણ એમ કરીને સત્તાની સીડી પર ચડવાની જે વૃત્તિ અને પ્રવૃત્તિ છે તેનાથી સમાજ હચમચી ગયો છે. હા... તમને એમ હશે કે અમે તો નેતાઓ... અમે આગેવાનો અમને કોઈ કહી ના શકે..!! અમે જે કરીએ તે અને જેવું કરીએ તે યોગ્ય જ છે એવો વહેમ કાઢી નાખો સાહેબ..! સમય બધાને સમયસર પાઠ ભણાવે છે જ છે અને ભણાવશે જ પરંતુ સમાજનું જે અહિત કરી રહ્યા છો એની વેદના અસહ્ય છે. આ પક્ષ હોય કે પેલો પક્ષ... 'અ' ઉમેદવાર હોય કે 'બ' ઉમેદવાર... એની સામાન્ય જનતાને કોઈ પડી નથી..! તમે ભોળી જનતાને છેતરી શકો છો, પાંચવ રસ માટે ઉલ્લુ પણ બનાવી શકો છો પણ નેતા બનવા તમારી જાત સાથેના છળકપટ આજે નહિ તો કાલે છાપરે ચડીને પોકારશે... અને જે હોય તે... ચિંતા એ છે કે રાજકીય નેતાઓ તરીકે તમારી આ વૃત્તિ-પ્રવૃત્તિ સામાજીક વ્યવસ્થાને ખોરવવાનું નિમિત્ત બનશે..! હજુ પણ સમય છે અંગત હિત કરતાં સામાજીક હિતને ધ્યાનમાં રાખીને વિચાર-વાણી-વ્યવહારમાં શુદ્ધતા લાવી રાજકારણના માધ્યમથી જનસેવાના સંકલ્પને સાકાર કરવા પાછા વળી જાવ..! સમય હજુ પણ આપને માફ કરશે... સમયસર સાવધાની જ સફળતાનો માર્ગ દર્શાવે છે.

## ગાંધીનગર જિલ્લા પંચાયત માટે કોંગ્રેસના સંભવિત ઉમેદવારો

| | |
|---|---|
| **● ગાંધીનગર** | |
| છાલા | છનભાઈ ચૌધરી |
| સાદરા | અરવિંદસિંહ સોલંકી |
| ચિલોડા(ડ) | વનિતાબેન સંગાડા |
| ઉવારસદ | નરેશજી ઠાકોર |
| સરઢવ | ભાવના બા વાઘેલા |
| અડાલજ | લીલાબેન ઠાકોર |
| **● કલોલ** | |
| મોટી ભોંયણ | રાજીબેન |
| બોરીસણા | ગણપતસિંહ ઠાકોર |
| પલીયડ | ભરતભાઈ પટેલ |
| સાંતેજ | રશ્મિજી ઠાકોર |
| **● માણસા** | |
| ચરાડા | કીર્તિબેન પટેલ |
| બિલોદરા | કૈલાસબેન ઠાકોર |
| લોદરા | કાળુસિંહ રાઠોડ |
| સમૌ | યશવંતભાઈ ચૌધરી |
| સોજા | અજીતસિંહ રાઠોડ |
| **● દહેગામ** | |
| રખિયાલ | જગતસિંહ ઝાલા |
| અમરાજીના મુવાડા | સુહાગ પંચાલ |
| હાલીસા | સુરેશભાઈ ચૌધરી |
| કડજોદરા | દેવરાજસિંહ ઝાલા |

## જિલ્લામાં ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી

### કલોલમાં જિલ્લા પંચાયતની ૬ બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી : ભાજપમાંથી પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરે પણ તેમની ઉમેદવારી નોંધાવી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં આજે ભાજપ-કોંગ્રેસ તેમજ આપ પાર્ટી સહિતના ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

આજે કલોલમાં જિલ્લા પંચાયતની ૬ બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી દીધી છે. ભાજપમાંથી પસંદ થયેલા પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરે પણ તેમની ઉમેદવારી નોંધાવી છે.

૬ બેઠકો માટે કલોલમાં કોંગ્રેસના જે ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે તેમાં રશ્મિજી ઠાકોર (સાંતેજ), ભરતભાઈ પટેલ (પલીયડ), રાજીબેન (મોટી ભોંયણ), ગણપતસિંહ ઠાકોર (બોરીસણા), અમૃતાબેન ઠાકોર (બોરીસણા), રૂપાબેન ઠાકોર (સઈજ) ઉમેદવારી પત્રો રજુ કર્યા હતા.

ભાજપમાંથી સાંતેજની બેઠક પરથી રામાજી ઠાકોરે તેમની ઉમેદવારી નોંધાવી છે. તો માણસામાં ઈટાદરાની બેઠક પરથી શિલ્પાબેન જયેશભાઈ પટેલે, છાલા બેઠક પર એચ.કે. પટેલ, ડભોડા બેઠક પરથી શારદાબેન યાદવ, મહુડી બેઠક પરથી જસવંતસિંહ રાઠોડ, સમૌ બેઠક પરથી મીનાબેન ચૌધરી અને ચરાડાની બેઠક પરથી લીલાબેન પટેલે આજે ઉમેદવારી નોંધાવી છે.

## જિલ્લામાં આજથી કોરોનાના વેક્સીનેશનનો બીજો રાઉન્ડ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં કોરોના વેક્સીનેશનનો આરંભ થયે આજે ૨૮ દિવસ થતાં હવે આ વેક્સીનેશનના બીજા રાઉન્ડનો આરંભ થશે.

ગાંધીનગર જિલ્લામાં કોરોના વેક્સીનેશનનો આરંભ ૧૬મી જાન્યુઆરીથી કરવામાં આવ્યો હતો. કોરોના વોરિયર્સ એવા હેલ્થના સ્ટાફનું પ્રથમ દિવસે રસીકરણ થયુ હતુ. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે પહેલુ વેક્સીનેશન સિવિલ સુપ્રિ. નિયતિ લાખાણીનું થયુ હતુ.

આજથી શરૂ થઈ રહેલા બીજા રાઉન્ડની તૈયારીઓ પણ તંત્રએ કરી દીધી છે. જેમને જે વેક્સીન અપાઈ હતી તેનો જ બીજો ડોઝ આપવામાં આવશે તેમ આ સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લામાં હાલ વેક્સીનેશનની કામગીરીમાં ફ્રન્ટલાઈન વોરિયર્સ આવરી લેવામાં આવી રહ્યા છે.

## જિલ્લામાં કોરોનાના ૭ કેસ : ૭ને ડિસ્ચાર્જ અપાયું

### તાલુકાના રાંધેજા, ઉવારસદ, રાયસણ, કુડાસણમાંથી કેસ મળ્યા : સે. ૧૬, ૩-એ-ન્યુ અને સે. ૨૦ માંથી કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના ૭ કેસ નોંધાયા છે. જિલ્લામાં કોરોનાના કેસોમાં ચાલી રહેલ સતત ચડાવ-ઉતારને લઈ તંત્રની ચિંતા વધી છે.

જિલ્લામાં આજે ગ્રામ્ય વિસ્તારમાં ૪ અને ગાંધીનગર શહેરમાં ૩ કેસ નોંધાયા છે. ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાની સ્થિતિ હજુ કાબુમાં આવી નથી.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૪ કેસમાં એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે. એક દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. બધા કેસ ગાંધીનગર તાલુકામાં નોંધાયા છે.

ગાંધીનગર તાલુકાના રાયસણ, કુડાસણ, ઉવારસદ અને રાંધેજામાંથી કેસ મળી આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ૪૦૪૪ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૨૪૧૪ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૩ કેસ નોંધાયા છે. શહેરમાં સંવેદનશીલ બનેલા વિસ્તારોમાંથી કેસો મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર શહેરમાં આજે સંક્રમિત થનાર કેસોમાં એક વિદ્યાર્થીનીનો સમાવેશ થાય છે. જ્યારે એક દર્દીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જે દર્દીની વય ૯૫ વર્ષની છે.

આજે સે. ૧૬, ૩-એ-ન્યુ અને સે. ૨૦ માંથી કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે વધુ ૩ દર્દીને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.



શિયાળાની આકરી ઠંડી ધીમે ધીમે ગાયબ થઈ રહી છે. વાતાવરણમાં આહલાદકતા છવાઈ રહી છે. દિવસો સુધી આકરી ઠંડીમાં ઠુંઠવાયેલી પ્રકૃતિ આળશ મરડીને બેઠી થઈ રહી છે અને સોળે શણગાર સજી રહી છે. અવનવા ફૂલોથી શહેરના વૃક્ષો લચી પડ્યાં છે. વૃક્ષો જુના પાંદડાઓ ત્યજીને જાણે નવો અવતાર ધારણ કરતા હોય તેમ નવી કુંપળો, પાંદડા અને ફૂલોથી લચી પડ્યાં છે. ગાંધીનગરમાં પ્રકૃતિનો આવો અદ્‌ભૂત નજારો ઠેર ઠેર જોવા મળી રહ્યો છે.

## સેકટરોમાં જુના અને જોખમી ૧૩૪ આવાસો તોડી નાંખવામાં આવશે

### સે-૧૨ અને સે-૧૭ માં જ અને જ -૨ કક્ષાના આવાસો તોડવા માટે મંજુરી કુલ ૧૬ બ્લોક તોડવા ટુંકમાં કામ હાથ ધરાશે

ગાંધીનગર તા ૧૨

શહેરમાં જુના અને જર્જરિત મકાનો તબક્કવાર તોડવામાં આવી રહ્યા છે. જયારે જુના આવાસોને તોડવા માટે સેકટરોમાં જુદી જુદી કક્ષા મુજબ આયોજન કરવામાં આવી રહ્યુ છે. સે-૧૭ અને સે-૧૨ માં જ અને જ -૨ કક્ષાના ૧૩૪ મકાનો તોડવા માટે ટુંકમાં કામ શરૂ કરાશે. જુના મકાનો તોડવા માટે હવે વિભાગ કક્ષાએથી જુની દરખાસ્ત અન્વયે મંજુરી આપવાની પ્રક્રીયા પણ ઝડપી બનાવી દેવામાં આવી છે.

શહેરના સેકટરોમાં જુદી જુદી કક્ષાના સરકારી આવાસો તોડવામાં આવી રહ્યા છે. સેકટરોમાં દાયકાઓ જુના સરકારી આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી ત્યારે કેટલાક મકાનો રીનોવેશન હેઠળ આવરી લેવા માટે આયોજન કરાયુ છે. જયારે મોટાભાગના મકાનો તોડીને જગ્યા ખુલ્લી કરવામાં આવી રહી છે. સેકટરોમાં છેલ્લા એક દાયકાથી વધુ સમયથી મકાનો તોડવા માટે તબક્કાવાર કામગીરી ચાલી રહી છે. શહેરના જુના સેકટરામાં વિવિધ કક્ષાના સરકારી આવાસોનો અગાઉ સર્વે પણ હાથ ધરાયો હતો જેના અંતે આવાસોને જુદી જુદી કેટેગરીમાં તારવીને આવાસોને તોડવા માટે તબક્કાવાર વિભાગ કક્ષાએથી તંત્ર દ્વારા મંજુરી લેવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. હાલ પણ શહેરના સે-૧૬ માં મકાના તોડવાનુ કામ ચાલી રહ્યુ છે. જેમાં સે-૧૬ માં પણ છ અને ચ કક્ષાના મકાનોનો કડુસલો કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત સે-૧૭ અને સે-૧૨ માં પણ જ અને જ-૨ કક્ષાના મકાનો તોડવા માટે તબક્કારવા

● અનુસંધાન પાન-૭ પર

## દર્દીઓની પાંસળી તોડે તેવા સિવિલના આંતરિક માર્ગો હજુ પણ ઉબડ ખાબડ

### પાટનગરમાં દિવા તળે અંધારુ : સિવિલ હોસ્પિટલ સંકુલના માર્ગોની સુધારણા માટે નિરસતા : દર્દીઓ, ડોક્ટરો અને મુલાકાતીઓ પણ ડિસ્કો માર્ગથી પરેશાન

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સંકુલમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ છેલ્લા ઘણાં સમયથી હાથ ધરવામાં આવતુ નથી. જેના લીધે સિવિલ હોસ્પિટલના સંકુલમાં ઉબડ ખાબડ માર્ગો દર્દીઓ અને મુલાકાતીઓ માટે માથાના દુખાવા રૂપ બન્યા છે. નગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સિવિલ હોસ્પિટલમાં રોજબરોજ હજારો દર્દીઓની સારવાર કરવામાં આવે છે. જયારે હોસ્પિટલ સંકુલમાં નર્સિંગ કોલેજ અને મેડિકલ કોલેજ પણ કાર્યરત છે. આ ઉપરાંત મેડિકલ કોલેજનો ઓડિટોરિયમ હોલ પણ છે. આવા સંજોગોમાં સિવિલ કેમ્પસમાં આંતરિક માર્ગો છેલ્લા ૬ મહીનાથી ઉબડ ખાબડ હાલતમાં છે.સિવિલ હોસ્પિટલમાં એમ્બ્યુલન્સની અવરજવરમાં પણ દર્દીને હડદો લાગી જાય તેવી સ્થિતિ છે. નગરના માર્ગોની દશા સુધારવા માટે વર્ષ દરમિયાન

● અનુસંધાન પાન-૭ પર

## બિલોદ્રામાં મહીલાના આત્મહત્યા કેસમાં આરોપીને સાત વર્ષની કેદ

ગાંધીનગર તા ૧૨

માણસા તાલુકાના બિલોદ્રામાં મહીલાને આડ સંબંધ બાંધવા મજબુર કરી પૈસાની માંગણી કરતા મહીલાએ આત્મહત્યા માટે દુષ્પ્રેરણ કરવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને સાત વર્ષની સખત કેદની સજા કરવા આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર માણસા તાલુકાના બિલોદ્રા ગામમાં રહેતી મહીલાને આડ સંબંધ રાખવા માટે અવારનવાર હેરાન કરતા આરોપી ભરતજી દેવાજી ઠાકોર તેના ભાભી પાસે વારંવાર પૈસાની પણ માંગણી કરતો હતો. જેના લીધે માનસિક ત્રાસથી મજબુર થઈને મહીલાએ જાતે પોતાના શરીર પર કેરોસીન છાંટીને સળગી હતી જયારે સારવાર દરમિયાન તેણીનુ મોત નિપજયુ હતુ. આ કેસ ગાંધીનગરની એડિશ્નલ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી વ્યાસે દલીલો કરી હતી જેમાં જણાંવ્યા મુજબ સમાજમાં આવા બનાવો દિનપ્રતિદિન વધી રહ્યા છે. જેથી આવા બનાવો અટકે તે માટે આરોપીને સખત સજા કરવી જોઈએ.જે દલીલો અને પુરાવાઓને ધ્યાને લઈ જજ એસ એન સોલંકીએ આરોપી ભરત રેવાજી ઠાકોરને સાત વર્ષની સખત કેદની સજા તેમજ રૂ ૫ હજારનો દંડ ચુકવવા આદેશ કર્યો છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com